જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહિવટ વિભાગ

## જામનગર મહાનગરપાલિકા ખાતેના અર્બન હેલ્થ પ્રોજેક્ટ માટેની U.P.H.C. અને U.C.H.C. ની જગાઓ ભરવા અંગેની જાહેરાત

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવોથી શહેરી આરોગ્ય સેવાઓનું માળખું સુવ્યવસ્થિત કરવા માટે જામનગર મહાનગરપાલિકાના ફાળે આવેલ U.P.H.C.(શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) અને U.C.H.C.(શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર) માટે ૧૦૦% ગ્રાન્ટ આધારીત જગાઓ મંજુર કરેલ છે.

જામનગર મહાનગરપાલિકા હેઠળના U.P.H.C. (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) અને U.C.H.C.(શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર) ખાતે મંજુર થયેલ જગાઓ ભરવા માટે વેબસાઈટ https://ojas.gujarat.gov.in પર જાહેરાત પ્રસિદ્ધ કરી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ ભરતી બાબતેની સંપૂર્ણ માહિતી જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.mcjamnagar.com ઉપર પણ ઉપલબ્ધ છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૨૧/ ૧૧/૨૦૨૩ (૧૩:૦૦ કલાક) થી તા. ૫ / ૧૨/૨૦૨૩ (૨૩:૫૯ કલાક) દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગાનું નામ | U.P.H.C. જગાની સંખ્યા | U.C.H.C. જગાની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સ્ટાફ નર્સ | - | ૨૦ |
| ૨. | એક્સ-રે ટેકનીશીયન | - | ૦૩ |
| ૩. | લેબોરેટરી ટેકનીશીયન | ૦૩ | ૦૩ |
| ૪. | ફાર્માસિસ્ટ | ૦૨ | ૦૩ |
| ૫. | ફીમેલ હેલ્થ વર્કર | ૩૭ | - |
| ૬. | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | ૩૦ | - |
| | કુલ | ૭૨ | ૨૯ |

તા.- ૨૫/ ૧૧/૨૦૨૩.

સ્થળ : જામનગર.

કમિશ્નર

જામનગર મહાનગરપાલિકા

જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહિવટ વિભાગ

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવોથી શહેરી આરોગ્ય સેવાઓનું માળખું સુવ્યવસ્થિત કરવા માટે જામનગર મહાનગરપાલિકાના ફાળે આવેલ U.P.H.C.(શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) અને U.C.H.C.(શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર) માટે ૧૦૦% ગ્રાન્ટ આધારીત જગાઓ મંજુર કરેલ છે.

જામનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની વિવિધ જગાઓ (પત્રકમાં દર્શાવેલ મુજબ) ઉપર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર પસંદ કરવા માટે ઓનલાઈન અરજી પત્રકો મંગાવવામાં આવે છે, આ માટે જાહેરાત મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઈટ ઉપર તા.૨૮/ ૧૧/૨૦૨૩ ના રોજ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા. ૫ / ૧૨/૨૦૨૩ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક સુધીમાં) દરમ્યાન અરજી કરવાની રહેશે.

## (૧) સ્ટાફ નર્સ : UCHC/JMC/૦૧/૨૦૨૩-૨૪

| ક્રમ | જગાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક ફિક્સ પગાર | જગાની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | સ્ટાફ નર્સ | L-5, ૨૯,૨૦૦ - ૯૨,૩૦૦ | રૂ. ૪૦,૮૦૦/- | ૨૦ | ૪૦ | સ્પર્ધાત્મક પરીક્ષા |

**કેટેગરી વાઈઝ જગા**

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ.જન જાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| ૦૭ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૨ | - |

**જામનગર મહાનગરપાલિકા**

સામાન્ય વહિવટ વિભાગ

## (૨) એક્સ-રે ટેકનીશીયન : UCHC/JMC/0૨/૨0૨3-૨૪

| ક્રમ | જગાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક ફિક્સ પગાર | જગાની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨. | એક્સ-રે ટેકનીશીયન | L-6, 3૫,૪૦૦ - ૧,૧૨,૪૦૦ | રૂ. ૪૦,૮૦૦/- | 03 | 3૬ | સ્પર્ધાત્મક પરીક્ષા |

**કેટેગરી વાઈઝ જગા**

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ.જન જાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| 0૨ | 0૧ | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | - | - |

## (3) લેબ ટેકનીશીયન : UPHC/JMC/03/૨0૨3-૨૪

| ક્રમ | જગાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક પગાર | જગા ની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ |
| 3. | લેબ ટેકનીશીયન | L-5, ૨૯,૨૦૦ -૯૨,300 | રૂ. ૪૦,૮૦૦/- | 03 | 3૬ | સ્પર્ધાત્મક પરીક્ષા |

**કેટેગરી વાઈઝ જગા**

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| 00 | 00 | 00 | 00 | 0૧ | 00 | 0૨ | 00 | 00 | 00 | - | - |

## જામનગર મહાનગરપાલિકા
### સામાન્ય વહિવટ વિભાગ

### (૪) લેબ ટેકનીશીયન : UCHC/JMC/૦૪/૨૦૨૩-૨૪

| ક્રમ | જગાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક ફિક્સ પગાર | જગાની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪. | લેબ ટેકનીશીયન | L-5, ૨૯,૨૦૦ -૯૨,૩૦૦ | રૂ. ૪૦,૮૦૦/- | ૦૩ | ૩૬ | સ્પર્ધાત્મક પરીક્ષા |

**કેટેગરી વાઈઝ જગા**

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | - | - |

### (૫) ફાર્માસીસ્ટ : UPHC/JMC/૦૫/૨૦૨૩-૨૪

| ક્રમ | જગાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક પગાર | જગાની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫. | ફાર્માસિસ્ટ | L-5, ૨૯,૨૦૦ -૯૨,૩૦૦ | રૂ. ૪૦,૮૦૦/- | ૦૨ | ૩૫ | સ્પર્ધાત્મક પરીક્ષા |

**કેટેગરી વાઈઝ જગા**

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | - | - |

## જામનગર મહાનગરપાલિકા

### સામાન્ય વહિવટ વિભાગ

### (૬) ફાર્માસીસ્ટ : UCHC/JMC/૦૬/૨૦૨૩-૨૪

| ક્રમ | જગાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક ફિક્સ પગાર | જગાની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬. | ફાર્માસિસ્ટ | L-5, ૨૯,૨૦૦ -૯૨,૩૦૦ | રૂ. ૪૦,૮૦૦/- | ૦૩ | ૩૫ | સ્પર્ધાત્મક પરીક્ષા |

**કેટેગરી વાઈઝ જગા**

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | - | - |

### (૭) ફીમેલ હેલ્થ વર્કર : UPHC/JMC/૦૭/૨૦૨૩-૨૪

| ક્રમ | જગાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક પગાર | જગા ની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૭. | ફીમેલ હેલ્થ વર્કર | L-2, ૧૯,૯૦૦ - ૬૩,૨૦૦ | રૂ. ૨૬,૦૦૦/- | ૩૭ | ૪૦ | સ્પર્ધાત્મક પરીક્ષા |

**કેટેગરી વાઈઝ જગા**

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| ૦૦ | ૧૩ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૭ | ૦૦ | ૦૯ | ૦૦ | ૦૬ | ૦૩ | ૦૧ |

# જામનગર મહાનગરપાલિકા

## સામાન્ય વહિવટ વિભાગ

### (૮) મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર : UPHC/JMC/0૮/૨૦૨૩-૨૪

| ક્રમ | જગાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક પગાર | જગાની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮. | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | L-2, ૧૯,૯૦૦ - ૬૩,૨૦૦ | રૂ. ૨૬,૦૦૦/- | ૩૦ | ૩૩ | સ્પર્ધાત્મક પરીક્ષા |

**કેટેગરી વાઈઝ જગા**

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ. જનજાતિ | | સા.શૈ.પ.વર્ગ. | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| ૦૭ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૭ | ૦૦ | ૧૧ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૧ |

**નોંધ :-**

(૧) દરેક નિમણુંક માટે લાયકાતના ધોરણો રાજ્ય સરકારના પ્રવર્તમાન ભરતી નિયમો અને સૂચનાઓને આધીન રહેશે.

(૨) આ જાહેરાત સંદર્ભે કોઈ પણ પ્રકારની પૂછપરછ માટે સામાન્ય વહીવટ વિભાગ, બીજો માળ, લાલ બંગલો જ્યુબીલી ગાર્ડન પાસે, જામનગર મહાનગરપાલિકા ખાતે રૂબરૂ અથવા ફોન નંબર ૦૨૮૮-૨૫૫૦૨૩૧ થી ૨૩૫ (એક્સ્ટે.નં.-૨૦૫ અને ૨૦૭) ઉપર ઓફીસ સમય દરમ્યાન સવારે ૧૧-૦૦ થી ૦૧ : ૦૦ અને બપોરે ૦૩-૦૦ થી ૦૫ : ૦૦ સુધી સંપર્ક કરી શકાશે.

(૩) જાહેરાત ક્રમાંક : ૧ થી ૬ માં મહિલાઓ માટેની અનામત જગાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગા જે-તે કેટેગરીના પુરુષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૪) જાહેરાત ક્રમાંક : ૮ સિવાયની તમામ જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગાઓ અનામત ન હોય તો પણ મહિલા ઉમેદવારો જે-તે કેટેગરીમાં અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે-તે કેટેગરીમાં કુલ જગાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગાઓ સિવાયની બાકી રહેતી જગાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું રહેશે નહી, આ જગા ઉપર પુરુષ

તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ મેળવેલ માર્કસના મેરીટને ધ્યાને લઇ કરવામાં આવે છે. તેથી આવી જગાઓ માટે પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૬) જાહેરાતમાં જે જગાઓ માત્ર બિન અનામત કેટેગરીમાં સામાન્ય વર્ગ માટેની છે તેવી જગાઓ માટે અનામત વર્ગના ઉમેદવારો જો તેઓ જનરલ કેટેગરીની વય મર્યાદામાં આવતાં હોય તો તે પોતાની ઉમેદવારી નોંધાવી શકશે / ઓનલાઈન ફોર્મ ભરી શકશે. પરંતુ તેઓને વયમર્યાદામાં કોઈ પણ છૂટછાટ મળવાપાત્ર થશે નહી. માત્ર મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના ૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૭) ઉપરોક્ત પૈકી જાહેરાત ક્રમાંક : ૦૭ ફીમેલ હેલ્થ વર્કર સંવર્ગની જગાઓ માત્ર મહિલાઓ માટે જ હોય, મહિલા ઉમેદવારો જ ઉમેદવારી નોંધાવી શકશે.

(૮) ઉપરોક્ત પૈકી જાહેરાત ક્રમાંક : ૦૮ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર સંવર્ગની જગાઓ માત્ર પુરુષો માટે જ હોય, પુરુષ ઉમેદવારો જ ઉમેદવારી નોંધાવી શકશે.

(૯) ઉપરોક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક : ૦૩, ૦૪, ૦૫, ૦૬ નો સમાવેશ U.P.H.C. અને U.C.H.C. બંનેમાં થાય છે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૧૦) ઉપરોક્ત મુદ્દા નં.-૯ ની જગાઓ માટેની લેખિત પરીક્ષાનું આયોજન અલગ-અલગ કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી. જેથી ઉમેદવારોએ ઉપરોક્ત જાહેરાતો પૈકીમાં ઉમેદવારી નોંધાવતી વખતે U.P.H.C. અને U.C.H.C. માંથી ગમે તે એકની પસંદગી કરીને ઓનલાઈન ફોર્મ ભરવા ભલામણ છે.

(૧૧) જો કોઈ ઉમેદવાર જાહેરાત ક્રમાંક : ૦૩, ૦૪, ૦૫, ૦૬ પૈકીની જાહેરાતોમાં U.P.H.C. અને U.C.H.C. બંનેની જગાઓ માટે ઉમેદવારી નોંધાવશે તો પણ લેખિત પરીક્ષા એક જ દિવસે હોવાથી કોઈ પણ એક જ જગા માટેની લેખિત પરીક્ષા આપી શકશે. તેમજ જે ઉમેદવારે બે જગા ઉપર ઉમેદવારી નોંધાવેલ હશે તો બીજી જગાની ફી પરત કરવામાં આવશે નહી.

(૧૨) U.P.H.C. અને U.C.H.C. ના મહેકમનું માળખું અલગ અલગ હોય જેથી તેમની પસંદગી યાદી અને મેરીટ પણ અલગ અલગ તૈયાર કરવામાં આવશે.

જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહિવટ વિભાગ

❖ **(૧૩) શૈક્ષણિક લાયકાત તથા અનુભવ :-**

| ક્રમ | જગાનું નામ | શૈક્ષણિક લાયકાત તથા અનુભવ |
|---|---|---|
| ૧. | **સ્ટાફ નર્સ** | (૧) ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત ઇન્સ્ટીટયુટમાંથી બેઝીક B.Sc. (નર્સિંગ) ની ડીગ્રી<br>**અથવા**<br>(૧) માન્ય યુનીવર્સીટીમાંથી ડીપ્લોમાં ઇન જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરીનો કોર્ષ પાસ<br>(૨) નિયત કરાયેલ કોમ્પ્યુટર સંબંધે મૂળભૂત જ્ઞાન હોવું જોઈએ.<br>(૩) ગુજરાતી **અથવા** હિન્દી **અથવા** બંને ભાષા પર પ્રભુત્વ હોવું જોઈએ. |
| ૨. | **એક્સ-રે ટેકનીશીયન** | (૧) ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમની હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ - ૧૯૫૬ ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી સાયન્સના સ્નાતક અને એક્સ-રે ટેકનીશીયનનો ૧ વર્ષનો કોર્ષ. **અથવા**<br>(૨) ધો.-૧૨ માં ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને ઈંગ્લીશ વિષય સાથે પાસ અને સરકારી અથવા સરકારની માન્યતા પ્રાપ્ત કોલેજમાંથી એક્સ-રે ટેકનીશીયનનો ૨ વર્ષનો કોર્ષ પાસ.<br>(૩) નિયત કરાયેલ કોમ્પ્યુટર સંબંધે મૂળભૂત જ્ઞાન હોવું જોઈએ.<br>(૪) ગુજરાતી **અથવા** હિન્દી **અથવા** બંને ભાષા પર પ્રભુત્વ હોવું જોઈએ. |

**જામનગર મહાનગરપાલિકા**

સામાન્ય વહિવટ વિભાગ

| ક્રમ | જગાનું નામ | શૈક્ષણિક લાયકાત તથા અનુભવ |
|---|---|---|
| ૩. | **લેબ ટેક્નીશીયન** | (૧) ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમની હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ - ૧૯૫૬ ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થાની કેમેસ્ટ્રી અથવા માઈક્રોબાયોલોજી અથવા બાયોકેમેસ્ટ્રી અથવા બાયોટેકનોલોજી સ્નાતકની પદવી **અને**<br>(૨) ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ - ૧૯૫૬ ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી (૧) ડીપ્લોમાં ઇન લેબોરેટરી ટેક્નીશ્યન અથવા (૨) મેડીકલ લેબોરેટરી ટેક્નીશ્યન કોર્ષ અથવા (૩) મેડીકલ ટેકનોલોજીમાં ડીપ્લોમાં અથવા (૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી અથવા (૫) એક વર્ષનો મેડીકલ લેબોરેટરી ટ્રેનીંગ કોર્ષ અથવા (૬) લેબોરેટરી ટેક્નીશ્યન ટ્રેનીંગ કોર્ષ નું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈએ.<br>(3) નિયત કરાયેલ કોમ્પ્યુટર સંબંધે મૂળભૂત જ્ઞાન હોવું જોઈએ.<br>(૪) ગુજરાતી **અથવા** હિન્દી **અથવા** બંને ભાષા પર પ્રભુત્વ હોવું જોઈએ. |
| ૪. | **ફાર્માસીસ્ટ** | (૧) ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ - ૧૯૫૬ ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થાની ફાર્મસીમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ. **અથવા**<br>(૨) ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનીયમની અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ - ૧૯૫૬ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થાની |

| | | |
|---|---|---|
| | | ફાર્મસીમાં ડીપ્લોમાં ધરાવતો હોવો જોઈએ **અને**<br>સરકારમાં અથવા બોર્ડ અથવા કોર્પોરેશનમાં ફાર્માસિસ્ટ તરીકે અથવા ઔષધાલય અથવા હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકેનો અથવા કંપની અધિનિયમ - ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ ફાર્માસ્યુટીકલ (Pharmaceutical) (ઔષધો - દવાઓનું નિર્માણ, વેંચાણ-વિતરણ કરતી હોય તેવી કંપની) કંપનીમાં ફાર્માસિસ્ટ અથવા મેડીકલ રીપ્રેઝેન્ટેટીવ (પ્રતિનિધી) તરીકેનો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇએ.<br>(૩) નિયત કરાયેલ કોમ્પ્યુટર સંબંધે મૂળભૂત જ્ઞાન હોવું જોઈએ.<br>(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષા પર પ્રભુત્વ હોવું જોઈએ. |
| ૫. | ફીમેલ હેલ્થ વર્કર | (૧) ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ અથવા સરકારે તે તરીકે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતાં હોવો જોઈએ. **અને**<br>(૨) સરકાર માન્ય સંસ્થામાંથી ફિમેલ હેલ્થ વર્કરની બેઝિક ટ્રેનીંગ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ.<br>(૩) ગુજરાત સિવીલ સર્વિસીસ વર્ગીકરણ અને ભરતી નિયમો - ૧૯૬૭ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશન નું બેઝિક જ્ઞાન ધરાવતાં હોવો જોઈએ.<br>(૪) ગુજરાતી **અથવા** હિન્દી **અથવા** બંને ભાષા પર પ્રભુત્વ હોવું જોઈએ. |
| ૬. | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) | (૧) ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ અથવા સરકારે તે તરીકે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ. **અને**<br>(૨) રાજય સરકાર માન્ય સંસ્થાઓ મારફતે નિયત કરાયેલ ૧ વર્ષની મલ્ટીપર્પઝ વર્કરની મૂળભુત તાલીમ લીધેલ હોવી જોઈએ. **અથવા** રાજય સરકારે માન્ય કરેલ સંસ્થામાંથી સ્વચ્છતા નિરીક્ષક (સેનેટરી ઇન્સ્પેકટર) અભ્યાસક્રમનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈએ.<br>(૩) બેઝિક કોમ્પ્યુટર એપ્લીકેશન મુજબ નકકી થયા પ્રમાણે તથા ગુજરાત સિવીલ સર્વિસીસ વર્ગીકરણ અને ભરતી નિયમો - ૧૯૬૭ મુજબ કોમ્પ્યુટરની પરીક્ષા પાસ કરેલ હોવો જોઈએ.<br>(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષા પર પ્રભુત્વ હોવું જોઈએ. |

(૧૪) ઉપરોક્ત તમામ જગાઓ માટે પસંદ થયેલ ઉમેદવારો માટે નિમણુંક બાદ રાજ્ય સરકારે / કોર્પોરેશને ઠરાવેલ નિયત પરીક્ષાઓ આપવાની રહેશે અને તેમાં મુદ્દત હરોળમાં ઉત્તીર્ણ થવાનું ફરજીયાત રહેશે.

(૧૫) ઉપરોક્ત તમામ જગાઓ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા મંજુર કરવામાં આવેલ ગ્રાન્ટને આધીન ચાલુ રહેશે. રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટને આધીન બહાલી / મંજુરી મુજબ જ આ જગાઓ ચાલુ રહેશે.

(૧૬) <u>કોમ્પ્યુટર જ્ઞાન અંગેની લાયકાત :-</u>

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નં.સીઆરઆર/૧૦-૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પ્રાથમિક જ્ઞાન (બેઝિક નોલેજ) ધરાવતાં હોવા અંગેનું કોઈપણ તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેનું કોઈપણ ડીગ્રી અથવા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેના પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેના પ્રમાણપત્રો ધરાવતાં હોવા જોઈએ. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતાં ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ નિમણુંક મેળવતાં પહેલાં આવું પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર થશે નહી. કોમ્પ્યુટર જ્ઞાન અંગે વખતો વખત સરકાર દ્વારા નિયત કરાયેલ પરીક્ષા પણ ઠરાવેલ સમય મર્યાદામાં અચુક પસાર કરવાની રહેશે. ઠરાવેલ પરીક્ષા પાસ ન કરનારની નિમણુક રદ કરવામાં આવશે.

(૧૭) **હિન્દી અને ગુજરાતી ભાષાનું પુરતું જ્ઞાન અને ગુજરાતી ભાષા પર પ્રભુત્વ હોવું જોઈએ.**

(૧૮) રાષ્ટ્રીયતા - ઉમેદવાર

(ક) ભારતનો નાગરીક હોય, અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય, અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન હોય, અથવા

(ઘ) તિબેટનો નિર્વાસીત હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સને-૧૯૬૨ જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલા ભારતમાં આવ્યો હોય, <u>અથવા</u>

(ચ) મુળ ભારતની વ્યક્તિ હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, તાન્ઝાનીયા નું સંયુક્ત પ્રજાસત્તાક (અગાઉના ટાન્ગનીકા અને ઝાંઝાબાર), ઝામ્બીઆ, મલાવી, ઝેર, ઇથિયોપિયા જેવા પૂર્વ આફ્રીકાના દેશો અને વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવેલ હોય, પરંતુ (ખ), (ગ), (ઘ) અને (ચ) વર્ગ હેઠળ આવતા ઉમેદવાર જેની તરફેણમાં રાજ્ય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યું હોય તેવી વ્યક્તિ હોવી જોઈએ,

(૧૯) વયમર્યાદા :-

(a) ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી હોવી જોઈએ નહી અને વધુ માં વધુ વય ઉપર પત્રકમાં દર્શાવેલ વિગતે જે - તે જગા માટે હોવી જોઈએ.

(b) સરકારી કે જામનગર મહાનગરપાલિકાના કાયમી કર્મચારીઓ અરજદાર થાય તો તેમના **કિસ્સામાં સરકારશ્રી દ્વારા જોગવાઇને આધીન છુટછાટ મળવાપાત્ર થશે.**

(c) તમામ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં નીચે જણાવેલ ઉમરમાં છુટ છાટ મળતી હોય તેવા કિસ્સામાં પણ ઉમર ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહી.

**તમામ જગાના ઉમેદવારોને નીચેની વિગતે વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.**

(A) જાહેરાત ક્રમાંક ૧ થી ૮ માટે નીચે મુજબની વિગતે છૂટ-છાટ મળવાપાત્ર થશે.

| | | |
|---|---|---|
| ૧. | સામાન્ય મહિલા ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| ૨. | અનામત વર્ગના પુરુષ ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| ૩. | અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૪. | સામાન્ય વર્ગના દિવ્યાંગ પુરુષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૫. | સામાન્ય વર્ગના દિવ્યાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૬. | અનામત વર્ગના દિવ્યાંગ પુરુષ ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૭. | અનામત વર્ગના દિવ્યાંગ મહિલા ઉમેદવારોને | ૨૦ વર્ષ |
| ૮. | આર્થિક રીતે નબળા વર્ગના પુરુષ ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| ૯. | આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |

૧૦. **માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં સરકારશ્રીના ધારા ધોરણ મુજબ** છૂટછાટ મળવાપાત્ર રહેશે. આ માટે ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઈએ. આ અંગેની વિગતો સબંધિત ઉમેદવારે સૈનિક તરીકે ફરજ બજાવ્યાની સમયગાળાની વિગતો આપવાની રહેશે. આ અંગેનું પ્રમાણપત્ર જીલ્લા સૈનિક કલ્યાણ અને પુન: વસવાટ કચેરી દ્વારા અધિકૃત કરેલ અધિકારીનું રજુ કરવાનું રહેશે.

ઉપરોક્ત ક્રમ નં.-૧ થી ૧૦ માં દર્શાવેલ મળવાપાત્ર છૂટછાટ માત્ર ગુજરાત રાજ્યના ઉમેદવારોને જ મળવાપાત્ર થશે. ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્ય દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ જાતિના સર્ટીફીકેટને માન્ય રાખવામાં આવશે નહી તેમજ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહી.

**(B) વયમર્યાદા માટે નિર્ધારીત તારીખ :-**

તમામ ઉમેદવારના કિસ્સામાં વયમર્યાદા માટે અરજી કરવાની અંતિમ તારીખને ધ્યાને લેવામાં આવશે વયમર્યાદા સબંધમાં અરજી કરવાની અંતિમ તારીખ **CUT OFF DATE** ગણવાની રહેશે.

**(૨૦) અજમાયશી સમયગાળો:-**

વર્ગ-૩ ની જગા માટે પસંદગી પામેલ લાયક ઉમેદવાર પ્રથમ પાંચ વર્ષ માટે કરાર આધારે માસિક ફિક્સ પગારથી નિમણુંક આપવામાં આવશે જે તે જગાના માસિક ફિક્સ પગારની વિગતો ઉપર પત્રકમાં દર્શાવેલ છે. પાંચ વર્ષની સેવા સંતોષકારક રીતે પૂર્ણ કરનાર

ઉમેદવારને જે - તે જગા ઉપર નિયમિત નિમણુંક આપવા અંગે વિચારણા કરવામાં આવશે. જે તે જગાના નિયમિત નિમણુંકના પગાર ધોરણની વિગતો જાહેરાતમાં દર્શાવેલ છે. આ જગાઓ રાજ્ય સરકારમાંથી મળતી ગ્રાંટને અનુલક્ષીને ચાલુ રહેશે.

**(૨૧) પસંદગી પ્રકિયા :-**

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ-૫૪ હેઠળ વિહિત કરાયેલ જામનગર મહાનગરપાલિકાની સ્ટાફ સીલેક્સન કમિટી દ્વારા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(A) વર્ગ-૩ ની જાહેરાતમાં બતાવેલ જગાઓની પસંદગી માટે લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા ઓબ્જેક્ટીવ (MCQ) પધ્ધતિ મુજબ ૧૦૦ માર્ક્સ ની ૧(એક) કલાકની સમય મર્યાદાની રહેશે. જેમાં ઓછામાં ઓછા ૩૫ માર્ક્સ મેળવવાના રહેશે. આ પરીક્ષામાં ૨૦ માર્ક્સ સામાન્ય જ્ઞાન તથા ૮૦ માર્ક્સ જે-તે જગાના લાયકાતના અભ્યાસક્રમને અનુરૂપ રહેશે. પસંદગી કેટેગરી વાઈઝ મહતમ મેરીટના આધારે થશે.

(B) જામનગર મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયત ધોરણો અનુસરીને પ્રતીક્ષાયાદી બનાવવામાં આવશે. પ્રતિક્ષાયાદી એ પસંદગી યાદી નથી. જે બાબત ઉમેદવારોએ લક્ષમાં લેવાની રહેશે.

**(૨૨) પરીક્ષા ફી :-**

- ફોર્મ ભરતી વખતે કેટેગરી સિલેક્ટ કરી ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- સામાન્ય, સા.શૈ.પ.વ તથા આર્થિક નબળા વર્ગના પુરુષ ઉમેદવારો માટે પરીક્ષા ફી રૂ.૫૦૦/- રહેશે.
- તમામ મહિલા ઉમેદવાર તેમજ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, એક્સર્વિસમેન, શારીરિક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારો માટે પરીક્ષા ફી ૫૦% એટલે રૂ.૨૫૦/- ભરવાની રહેશે.
- બિનઅનામત કેટેગરીની જગ્યા ઉપર અનામત કેટેગરીના ઉમેદવાર અરજી કરી શકશે. જેમાં આ અનામત કેટેગરીના ઉમેદવારોને પરીક્ષા ફી માં ૫૦% મુજબ એટલે રૂ.૨૫૦/- નો લાભ મળવાપાત્ર રહેશે પરંતુ વયમર્યાદામાં કોઈ પણ પ્રકારનો લાભ મળવાપાત્ર થશે નહિ.
- ઉમેદવારોએ પરીક્ષા ફી માત્ર ઓનલાઈન જમા કરાવવાની રહેશે.
- પરીક્ષાની અરજી ફી ઓનલાઈન જમા કરાવવા માટે "**Online Payment of Fee**" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "**Net Banking**" અથવા "**Other Payment Mode**" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઈ છે તેવું સ્ક્રીન પર લખાયેલું આવશે અને **e-receipt** મળશે જેની **Print** કાઢી લેવી. જો પ્રકિયામાં કોઈ ખામી હશે તો સ્ક્રીન (Screen) પર આપની ફી ભરાયેલીનથી તેમ જોવા મળશે. સંલગ્ન બેંક ચાર્જીસ ઉમેદવારે ભરવાના રહેશે. જો કોઈ ઉમેદવાર એક કરતાં વધુ અરજી માટે ફી ભરેલ હશે તો ભરેલ ફી પરત કરવામાં આવશે નહી.

**e-receipt** તથા **Confirm** થયેલ અરજી પત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે તેમજ જામનગર મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે અરજી પત્રક બિડાણો

સહિત તથા **e-receipt** ની નકલ સાથે આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે અથવા જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં રૂબરૂ આપી જવાના રહેશે.

- અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.
- ઓનલાઈન ફી ભરવાનો છેલ્લો સમય તા:.૬../ ૧૨/૨૦૨૩ ના ૨૩:૫૯ કલાક સુધીનો રહેશે.
- ફી ભરપાઈ કર્યા બાદ કોઈપણ સંજોગોમાં ફી પરત મળવાપાત્ર થશે નહીં અથવા બીજી પરીક્ષા માટે આવી ફી ને ધ્યાને લેવામાં આવશે નહીં.
- એક વખત અરજી કર્યા પછી અરજી પરત ખેંચવાની કે રદ કરવાની વિનંતી કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.

(૨૩) અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તા:.૨૧./ ૨૧/૨૦૨૩ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા:...૫../ ૧૨/૨૦૨૩ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) દરમિયાન **https://ojas.gujarat.gov.in** પર અરજી પત્રક ભરી શકાશે ઉમેદવારે (૧) સૌ પ્રથમ **https://ojas.gujarat.gov.in** પર જવું. હવે (૨) **"Apply Online" Click** કરવું. (૩) પસંદગીની જગા પર **Click** કરવાથી જગાની વિગતો મળશે. (૪) તેની નીચે **"Apply Now"** પર **Click** કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. અહી લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૫) **"Personal Details"** ભરાયા બાદ **"Educational Details"** ભરવા માટે **"Educational Qualifications"** પર **Click** કરવું. (૬) તેની નીચે **"Self Declaration"** પર **Click** કરવું. ત્યાર બાદ (૭) ઉપરની શરતો સ્વીકારવા માટે **"Yes"** પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે. (૮) હવે **"Save"** પર **Click** કરવાથી તમારી અરજી ઓનલાઈન સ્વીકાર થશે. (૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો **"Application Number" Generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૦) હવે **"Upload Photograph"** પર **Click** કરો. અહી તમારો **"Application Number"** ટાઇપ કરો અને તમારી **Birth date type** કરો, ત્યાર બાદ **OK** પર **Click** કરવું. અહી **Photo** અને **Signature Upload** કરવાના છે. (**Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) (**Photo** અને **Signature Upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature jpg Format** માં(૧૫ કે.બી.) સાઈઝથી વધારે નહિ તે રીતે સ્કેન કરી કોમ્પ્યુટરમાં સેવ કરેલા હોવા જોઈએ.) **"Browse" Button** ની બાજુમાં **"Upload" Button** પર **Click** કરો. હવે **Choose file** ના સ્કીનમાંથી જે ફાઈલમાં **.jpg Format** માં તમારો **Photo store** થયેલ છે, તે ફાઈલને **Select** કરો અને **"Open Button"** ને **Click** કરો. હવે **"Browse" Button** ની બાજુમાં **"Upload" Button** પર **Click** કરો. હવે તમારો **Photo** દેખાશે. હવે આજ રીતે **Singnature** પર **Upload** કરવાની રહેશે. (૧૧) હવે પેજના ઉપરના ભાગમાં **"Confirm Application"** તથા **Birthdate type** કર્યાબાદ **OK** પર **click** કરવાથી ૨ બટન (૧) OK (૨) Confirm Application દેખાશે. તે કન્ફર્મ કર્યા પછી કોઈપણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો ઓનલાઈન સ્વીકાર થઇ જશે. અહી Confirm number generate થશે. જે હવે પછીનો બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૨) હવે **Print Application** પર **Click** કરી અરજીની નકલ કાઢી સાચવી

રાખવી. (૧૩) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા ૧૧ માં આપેલ સૂચનાઓ અનુસાર ફી ઓનલાઈન જમા કરાવવી. (મહિલા ઉમેદવાર, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, એકસ સર્વિસમેન, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે પરીક્ષા ફી ૫૦% ભરવાની રહેશે.) અરજી કન્ફર્મ કર્યાબાદ ફી ન ભરનાર ઉમેદવારની ઉમેદવારી રદ્દ ગણાશે.

**(૨૪) સામાન્ય શરતો :-**

(A) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગ પૈકી એક અથવા એકથી વધારે સંવર્ગ માટે અરજી કરી શકશે અને તેઓએ એક સંવર્ગ માટે એક જ વખત અરજી કરવાની રહેશે. તેમજ દરેક સંવર્ગ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

(B) જાહેરાતમાં દર્શાવેલ જગા અને તેની સંખ્યામાં વધ-ઘટ થવાની શક્યતા છે. જાહેરાત બાદ જગા ભરવી કે ન ભરવી તે બાબતે કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

(C) કોઈ પણ ઉમેદવાર જો એક જ સંવર્ગ માટે એક થી વધુ અરજી કરશે તો તેમની અરજી રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા જામનગર મહાનગરપાલિકાની રહેશે.

(D) જાહેરાતમાં જે તે કેટેગરી માટે જે જગાઓ અનામત જાહેર કરેલ છે. તે જ કેટેગરીના અનામત વર્ગોના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના નિયમોનુસાર છુટછાટ મળશે. તેમ છતાં મહિલા ઉમેદવારોને નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ **વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી** જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

(E) જે તે કેટેગરી માટે જો જગા અનામત તરીકે જાહેર કરવામાં ન આવી હોય તેમ છતાં સંબંધિત અનામત કક્ષાના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ વયમર્યાદા સહીતની અન્ય તમામ લાયકાતો સંતોષતા હોય તો તેવા ઉમેદવારો પણ જે તે જગા માટે ઉમેદવારી નોંધાવી શકાશે.

(F) દિવ્યાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણભાગીદારી) ધારો, ૧૯૯૫ હેઠળ અનામતનો લાભ / છુટછાટ મેળવવા દિવ્યાંગતાની ઓછામાં ઓછી માત્રા ૪૦% નક્કી કરવામાં આવી છે. આથી ૪૦% કે તેથી વધુ માત્રામાં દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને અનામતનો લાભ કે છુટછાટ મળવાપાત્ર થશે. વધુમાં વધુ ૭૫% દિવ્યાંગતા માન્ય રહેશે.

શારીરિક ક્ષતિને નીચે મુજબની કેટેગરીમાં વહેંચવામાં આવે છે.

(ક) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ **(Blindess or Low Vision)**

(ખ) શ્રવણની ખામી **(Hearing Impairment)**

(ગ) હલનચલન દિવ્યાંગતા અથવા મગજનો લકવા **(Locomotor Disability or Cerebral Palsy)**

**(G) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે :-**

- ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક અથવા તા.૨૭-૦૪-૨૦૧૦ ના ઠરાવથી નિયત કરાયેલ પરિશિષ્ટ-૪ મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- તા.૦૧-૦૪-૨૦૨૧ ના રોજ કે ત્યારબાદ જાહેરાતમાં ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ થયેલ ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ નહી થવા અંગેના પ્રમાણપત્રની મહત્તમ અવધી ઇસ્યુ

થયા વર્ષ સહીત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરેલ હોવું જોઈએ અને આવા પ્રમાણપત્રની માન્યતા / સ્વીકૃતિ તથા સમયગાળાના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો / પરિપત્રોની જોગવાઈઓ આખરી ગણાશે. પ્રમાણપત્રનો નંબર તથા તારીખ ઓનલાઈન અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે. તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવા પ્રમાણપત્રોમાં કોઈ ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સદર વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

- પરિણીત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકને આધારે રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકને આધારે આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેઓને અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહી.
- પરિશિષ્ટ-ક અથવા પરિશિષ્ટ-૪ ના સ્થાને અંગ્રેજીમાં આપેલું Annexure - A નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહી. જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજુ કરેલ નહી હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગાની સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહી.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬-૦૪-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ અને આ અંગે વખતો વખત સરકારશ્રીના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન થતા હોવાનું પ્રમાણપત્ર ઉમેદવાર ધરાવતા હોવા જોઈએ.

(H) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩-૦૯-૨૦૧૯ અને ઠરાવ ક્રમાંક : ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૨૫૯૦૩/અ, તા.૨૬-૦૬-૨૦૨૦ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (E.W.S.) માટેના સર્ટીફીકેટ ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ માટે માન્ય ગણવામાં આવશે પરંતુ ઇસ્યુ થયેલા આર્થીક રીતે નબળા વર્ગો (E.W.S.) પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજ્ય સરકારશ્રીના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાહેંધરી ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના પ્રમાણપત્રમાં આપવાની રહેશે.

(I) સામાન્ય વહીવટ વિભાગ ના તા. ૦૧/૦૮/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫% ગુણ ઉમેરી આપવામાં આવશે પરંતુ તેઓએ ભરતી તથા નિમણુંક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત, જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે તેના તમામ પુરાવા જામનગર મહાનગરપાલિકામાં અસલમાં રજુ કરવાના રહેશે.

(J) એથેલેટીક (ટ્રેક અને ફિલ્ડ રમતો સહીત) બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વીમિંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનીસ, વેઇટલીફટીંગ, રેસલિંગ, બોકિસંગ, સાઈકલીંગ, જીમનેસ્ટીક, જુડો, રાઈફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળોફેક, નોકાસ્પર્ધા, શતરંજ, હેન્ડ બોલની રમતો - ખેલકૂદમાં રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારતશાળા

## જામનગર મહાનગરપાલિકા

### સામાન્ય વહિવટ વિભાગ

સંઘ દ્વારા યોજાતી સ્પર્ધામાં માત્ર પ્રતિનિધીત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫% (પાંચ ટકા) ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે.

(K) સ્પર્ધાત્મક પરીક્ષાના સ્થળે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે.

(L) સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું સ્થળ, સમય અને તારીખ જામનગર મહાનગરપાલિકા દ્વારા નિયત કરવામાં આવશે.

(M) અરજદારે ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી સાથે કોઈ પ્રમાણપત્રો કે દસ્તાવેજ અપલોડ કરવાના રહેશે નહી.

(N) પસંદગી યાદીમાં સમાવિષ્ટ અને નિમણુંકને પાત્ર હોય તેવા ઉમેદવારોએ ઠરાવવામાં આવે તેવી શારિરીક યોગ્યતાની તબીબી તપાસ પસાર કરવાની રહેશે. આવી શારિરીક યોગ્યતાની તબીબી તપાસ પસાર ન કરનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બની શકશે નહી. આવા ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ કરવામાં આવશે.

(O) પસંદગી યાદીમાં સમાવિષ્ટ અને નિમણુંકને પાત્ર હોય તેવા ઉમેદવારે ઠરાવવામાં આવે તે મુજબ નમુનામાં સારા ચારિત્ર અંગેના પુરાવા રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજુ ન કરનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બનશે નહી અને આવા ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ કરવામાં આવશે.

(P) જામનગર મહાનગરપાલીકાને સંતોષ થાય કે સંબંધીત ઉમેદવાર ફી સહિતની તમામ આવશ્યક જરૂરીયાત સંતોષે છે તો જ તેવા ઉમેદવારને સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

(Q) જન્મ તારીખના પુરાવા માટે SSCE નું પ્રમાણપત્ર (ધોરણ ૧૦ ની માર્કશીટ અથવા ક્રેડીટ સર્ટીફીકેટ બે માંથી એક કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય તો જ માન્ય ગણવામાં આવશે. જન્મ તારીખનો દાખલો કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ઉમરના પુરાવા માટે માન્ય ગણાશે નહી).

(R) અનુ. જાતી, અનુ.જનજાતી, આ.ન.વ. અને સા.શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(S) સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારો તથા જામનગર મહાનગરપાલિકા ખાતે કાયમી જગા ઉપર ફરજ બજાવતા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮-૧૧-૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક : એફ.ઓ.એ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨ થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાનું રહેશે.

(T) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડીસ્ચાર્જ બુકની નકલ રજુ કરવાની રહેશે.

(U) અટક અથવા નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની/લગ્ન નોધણી પ્રમાણપત્રની નકલ આપવાની રહેશે.

(V) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સા.વ.વિ ના તા.૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ/ સિવિલ સર્જન / મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર માન્ય ગણાશે.

(W) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા અધિકૃત આદેશો/અધીકૃતતાની વિગતો/ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(X) ઉમેદવારો દ્વારા ઓનલાઈન અરજી ફોર્મ ભરતી વખતે પોતાની જે જાતિ (મેલ / ફીમેલ) અને કેટેગરી (બિન અનામત, સા.શૈ.પ.વ., વગેરે) જે દર્શાવેલ હશે સમગ્ર ભરતી પ્રક્રિયા માટે તે જ આખરી ગણવામાં આવશે અને નિમણુંક પ્રક્રિયા તેને આધારે જ કરવામાં આવશે. ત્યારબાદ જાતિ કે કેટેગરીમાં ફેરફાર કરવાની કોઈ પણ પ્રકારની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(Y) અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ લાયકાત, અનુભવ, ઉમર અને અન્ય તમામ પ્રકારની સંલગ્ન ગણતરી કરવામાં આવશે. ઓનલાઈન અરજીમાં ખોટી વિગતો રજુ કરનાર ઉમેદવારને ભરતીની આગળની કાર્યવાહી માટે ગેરલાયક ગણવામાં આવશે. તથા અરજી કરતી વખતે ઉમેદવારે સબમિટ કરેલ માહિતીમાં પાછળથી કોઈ પણ પ્રકારનો સુધારો કરવાની કોઈ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**(૨૫) સામાન્ય સુચનાઓ :-**

(A) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રકિયા માટે આખરી ગણવામાં આવશે. અને આ વિગતોના આધારે સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના પુરાવાઓ જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે "રદ" ગણવામાં આવશે.

(B) અરજદારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી / જાતિમાં પાછળ થી કેટેગરી / જાતિ બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(C) ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો **UPLOAD** કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવાના રહેશે. તેમજ જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે.

(D) ઉમેદવાર અરજી પત્રકમાં ભરતી વખતે જે મોબાઈલ નંબર / ઈ-મેઈલ આઈ.ડી. દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર એસ.એમ.એસ. / ઈ-મેઈલ આઈ.ડી. થી મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી. જો ઉમેદવાર મોબાઇલ નંબર કે ઈ-મેઈલ બદલશે તો જાહેરાત સબંધી કોઈ પણ મેસેજ ઉમેદવારને મળશે નહી તો જામનગર મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહી.

(E) વર્ગ-૩ ની જગા માટે લાયક ઉમેદવારને પ્રથમ પાંચ વર્ષ માટે કરાર આધારિત ફિક્સ પગારે નિમણુંક આપવામાં આવશે. જે તે જગાના ફિક્સ પગારની વિગતો ઉપર પત્રકમાં દર્શાવેલ છે. પાંચ વર્ષના કરારીય સમયગાળા દરમ્યાન સંબંધિત ઉમેદવારે જે તે જગા ભરતી નિયમો મુજબ ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો - ૨૦૦૬ અથવા જામનગર મહાનગરપાલિકા ઠરાવે તેવી

કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાના નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પરીક્ષાઓ પાસ કરવાની રહેશે.

(F) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

(G) ઉમેદવાર પોતે કોઈપણ સંવર્ગની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાનો હક્કદાર થશે નહી. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાની એવી ખાતરી થાય કે મહાનગરપાલિકાની સેવા સારૂ તે ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ - ૧૯૪૯, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ તથા રાજ્ય સરકારે વખતો વખત ઠરાવેલ ધોરણો મુજબ નિયમોનુસાર યોગ્ય ન જણાય તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણુંક "રદ્દ" કરીને પડતો મુકી શકાશે. નિમણુંક બાબતે જામનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

(H) આ ભરતી પ્રકિયા સંપુર્ણપણે રાજ્ય સરકારના જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

(I) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમાં કરવાનો જામનગર મહાનગરપાલિકાને સંપુર્ણ હક્ક / અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

(J) વેબસાઈટ નિયમિતપણે જોતાં રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ છે.

(K) આ જાહેરાત અન્વયે સંભવત: જાન્યુઆરી - ૨૦૨૪ માં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે તે ધ્યાને લઇ ઉમેદવારોએ પરીક્ષાલક્ષી તૈયારી કરવી.

(L) જામનગર મહાનગરપાલિકા જે કોઈ ઉમેદવારને (૧) ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, (૨) બીજાનું નામ ધારક કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારક કરવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોને આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારોની ઉતરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદની અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની પ્રસ્તુતી માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે જામનગર મહાનગરપાલિકાએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા

શારીરિક રીતે ઈજા કરવા માટે, (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ઠ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી અથવા (૧૨) પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પત્રોમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો ફોજદારીને પાત્ર ઉપરાંત (ક) જામનગર મહાનગરપાલિકા તે જે પરીક્ષામાંથી ઉમેદવારે હોય તો તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા (ખ) (૧) જામનગર મહાનગરપાલિકા સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતથી અથવા (૨) રાજ્ય સરકાર પોતાના હેઠળ ની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ઠ મુદત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.

**(M)** અપોઇન્ટમેન્ટ ઓથોરીટી તથા તેના દ્વારા નિયત કરવામાં આવેલ સ્ટાફ સીલેક્શન કમિટી દ્વારા બેઝીક લાયકાત, રીટર્ન ટેસ્ટ તેમજ દેખાવના આધારે જે - તે જગા માટે માપદંડ નક્કી કરાશે અને તે પ્રમાણે આખરી પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

**(N)** ઉપરોક્ત જગા માટે ઉમેદવારોએ અપોઇન્ટમેન્ટ ઓથોરીટી નક્કી કરે તે મુજબની લેખિત, મૌખિક મુલાકાત માટે અપોઇન્ટમેન્ટ ઓથોરીટી જે સ્થળ સુચવે તે સ્થળે પોતાના ખર્ચે પહોચવાનું રહેશે.

**(O)** સરકારી / અર્ધસરકારી કચેરીઓમાં ફરજ બજાવતાં કર્મચારીઓ ઉપરોક્ત જગાઓ માટે તેઓની સંસ્થાના " **ના વાંધા પ્રમાણપત્ર** " સાથે અરજી કરવાની રહેશે.

**(P)** જામનગર મહાનગરપાલિકા દ્વારા ડોક્યુમેન્ટ વેરીફીકેસન માટે ઉમેદવારને જાણ કર્યેથી ઉમેદવારોએ જણાવવામાં આવે તે મુજબ પુરાવાઓ રજુ કરવાના કરવાના રહેશે. તથા ચકાસણી અર્થે અસલ પુરાવાઓ સાથે રાખવાના રહેશે.

**(Q)** આ જાહેરાત કોઈપણ કારણોસર રદ્દ કરવાની કે ભરતી રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો જામનગર મહાનગરપાલિકાની અપોઇન્ટમેન્ટ ઓથોરીટીને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને તે માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.

**(R)** મહીલા ઉમેદવાર અરજી કરતાં સમયે પરણીત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી. અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે. મહિલા ઉમેદવાર પરણીત હોય પરંતુ મેરેજ સર્ટી. અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરણિત ઉમેદવારે તેમના પિતાના નામ સાથે અરજી કરવાની રહેશે.

**(S)** ઉમેદવારોને ઈન્ટરવ્યુંમાં બોલાવવા કે ન બોલાવવા તેમજ પસંદ કરવા કે ન કરવા તે તમામ અધિકારો સક્ષમ સતાધિકારીશ્રી અબાધિત રહેશે. વિશેષમાં ઈન્ટરવ્યુંમાં ન બોલાવવામાં આવેલ ઉમેદવારોને અલગથી કોઇ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિં જેની સ્પષ્ટ નોંધ લેવી.

**(T)** લેખીત/મૌખિક પરીક્ષા અંગેની જાણ માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોને અલગથી પત્રવ્યવહાર કરી જાણ કરવામાં આવશે.

## જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહિવટ વિભાગ

(U) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલુમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે. તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી ગમે ત્યારે રદ કરવામાં આવશે તથા જરૂરી ફોજદારી પગલાં લેવાને પાત્ર થશે.

(V) ઉપરોક્ત તમામ જગાઓ ગુજરાત સરકારશ્રીના આરોગ્ય વિભાગના "અર્બન હેલ્થ પ્રોજેક્ટ" અંતર્ગતની ગ્રાન્ટ આધારિત જગાઓ હોય જેથી આ નિમણુંક આપવામાં આવેલ ઉમેદવારોના સેટઅપને જામનગર મહાનગરપાલિકાના સ્ટાફના સેટઅપમાં સમાવેશ કરવામાં આવશે નહી.

(W) માત્ર ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં બોલાવ્યેથી ઉમેદવાર આ જગા માટે લાયક છે તેવું માની લેવામાં આવશે નહી કે માત્ર ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં બોલાવ્યેથી જે-તે જગા ઉપર નિમણુંક માટે દાવેદારી નોંધાવી શકશે નહી. જેની ખાસ નોંધ લેવી.

(X) નીચે દર્શાવેલ કારણોસર અરજદારની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.

(રદ થવાને પાત્ર રહેશે.)

(૧) મહિલા ઉમેદવારે પતિના નામ સાથે અરજી કરેલ હોય પરંતુ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી કે ગર્વમેન્ટ ગેઝેટની નકલ રજુ કરેલ ન હોય તેવા સંજોગોમાં.

(૨) અરજીમાં જણાવેલ તમામ વિગતો માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવાઓ સામેલ કરેલ ન હોય તેવા સંજોગોમાં.

(૩) ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રો જામનગર મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે સ્વ-પ્રમાણિત કરી રજુ ન કરવામાં આવે તેવા સંજોગોમાં.

તારીખ :- ૨૬ / ૧૯/૨૦૨૩.

જામનગર

કમિશ્નર

જામનગર મહાનગરપાલિકા